**બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓ માટેની આર્થિક સહાય યોજનાના ઝડપી અમલીકરણ બાબત.**

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ
પરિપત્ર ક્રમાંકઃ વિ-૨/કમબ/૧૩૨૦૧૧/જી.એ.ડી.૧૬૫૯૦૫
સચિવાલય, ગાંધીનગર
તારીખ – ૨૭/૦૬/૨૦૧૩.

**સંદર્ભ:** મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગરનો તા.૦૭/૦૫/૧૨ નો ઠરાવ ક્રમાંક: મહય/૧૦૨૦૧૦/GOI.33/અ.

**પરિપત્ર**

તા. ૨૦/૦૬/૨૦૧૩ના રોજ સરકીટ હાઉસ, ગાંધીનગર ખાતે સચિવશ્રી મહિલા અને બાળવિકાસ વિભાગના અધ્યક્ષપદ હેઠળ બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓ માટેની સહાય યોજનાના અમલીકરણ બાબતે બેઠક મળેલ હતી. આ બેઠકમાં અધ્યક્ષશ્રી દ્વારા એવુ સૂચન કરવામાં આવ્યું હતું કે, આઇ.પી.સી.ની કલમ ૩૭૫ અને ૩૭૬ હેઠળ ગુનો નોંધાયા બાદ, મેડીકલ ટેસ્ટ થયા પછી, મેડીકલ રીપોર્ટમાં આ બાબતનું તારણ મળ્યા બાદ પિડીત મહિલાને સંદર્ભમાં ઉલ્લેખ કરેલ ઠરાવના અનુસંધાને આર્થિક સહાય મળે તે માટે સંબંધિત પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી દ્વારા જે તે પોલીસ સ્ટેશનની એફ.આઇ.આર. તથા મેડીકલ રીપોર્ટની નકલ જીલ્લા કક્ષાની **ડીસ્ટ્રીક્ટ ક્રિમીનલ ઇન્જરીઝ એન્ડ રીહેબીલિટેશન બોર્ડ**ના સભ્ય સચિવ અને જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીને તથા અધ્યક્ષ અને કલેકટરશ્રીને મોકલવામાં આવે તેવો નિર્ણય થયેલ હતો.

આ સુચન મુજબ કાર્યવાહી કરવામાં આવે તો પિડીત મહિલાને ઝડપથી સહાય ચૂકવી શકાય.

આથી તમામ પોલીસ કમિશ્નરશ્રી / જિલ્લા પોલીસ અધિકારીશ્રીને જણાવવામાં આવે છે કે, આઇ.પી.સી.ની કલમ ૩૭૫ અને ૩૭૬ હેઠળ ગુનો નોંધાયા બાદ, મેડીકલ ટેસ્ટ થયા પછી, મેડીકલ રીપોર્ટમાં આ બાબતનું તારણ મળ્યા બાદ પિડીત મહિલાને આર્થિક સહાય મળે તે માટે સંબંધિત પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રી દ્વારા જે તે પોલીસ સ્ટેશનની એફ.આઇ.આર. તથા મેડીકલ રીપોર્ટની નકલ જીલ્લા કક્ષાની **" ડીસ્ટ્રીક્ટ ક્રિમીનલ ઇન્જરીઝ રીલીફ એન્ડ રીહેબીલિટેશન બોર્ડ"** ના સભ્ય સચિવ અને જીલ્લા સમાજ સુરક્ષા અધિકારીને તથા અધ્યક્ષ અને કલેકટરશ્રીને તુરતજ મોકલી આપવામાં આવે તે મુજબની વ્યવસ્થા તાત્કાલિક ગોઠવવા માટે તેઓના તાબા હેઠળના સંબંધકર્તા તમામ પોલીસ સ્ટેશનના અધિકારીઓને જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે.

વધુમાં સંદર્ભમાં ઉલ્લેખ કરેલ તા.૦૭/૦૧/૧૨ના ઠરાવ અન્વયે પિડીત મહિલાઓને તા.૦૧/૦૮/૨૦૧૧થી સહાય કરવાનો ઉલ્લેખ હોવાથી વર્ષ ૨૦૧૧-૧૨ની વિગતો સહિત જરૂરી વિગતો અચૂકપણે મોકલી આપવા જણાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સંજય પંડ્યા
(સંજય પંડયા)
ઉપસચિવ(કા.-વ્ય.)
ગૃહ વિભાગ

(પાછળ)

પ્રતિ,

- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા., ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ એન્ડ રેલેવેઝ), ગુ.રા., ગાંધીનગર.
- તમામ પોલીસ કમિશ્નરશ્રી,
- સચિવશ્રી, મહિલા અને બાળવિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી સમાજ સુરક્ષાખાતું, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી સંકલિત બાળવિકાસ યોજના, ૧૬, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સચિવશ્રી આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- ખાસ મુખ્ય પોલીસ અધિકારીશ્રી, અમદાવાદ વિભાગ, અમદાવાદ/ગાંધીનગર વિભાગ,ગાંધીનગર.
- તમામ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી
- તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી
- તમામ જિલ્લા પોલીસ અધિકારીશ્રી,
- પોલીસ અધિક્ષકશ્રી (પશ્ચિમ રેલવે), વડોદરા.
- ગૃહ વિભાગની તમામ શાખાઓ.

બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓ માટેની
સહાય યોજનાના અમલીકરણ બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક:મહય/૧૦૨૦૧૦/GOI.33/અ.
સચિવાલય,ગાંધીનગર
તા.૭/૦૧/૨૦૧૨

વંચાણે લીધા :- ભારત સરકારના મહિલા અને બાળ મંત્રાલય નવી દિલ્હીના તા.૧૩/૬/૨૦૧૧ ના અ.સ.પત્ર ક્રમાંક:૬-૯૩/2001-WW.

ઠ રા વ :-

નામ.ઉચ્ચત્તમ ન્યાયાલયમાં, બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓને વળતર આપવા સંદર્ભમાં રાષ્ટ્રીય મહિલા આયોગને જરુરી યોજના તૈયાર કરવા માટે દિલ્હી ડોમેસ્ટીક વર્કીંગ વુમેન ફોરમ સંદર્ભના કેસ નંબર: ડબલ્યુપી (CRL)362/1993 અને ડબલ્યુપી(CRL)[illegible]/૨૦૦૮માં ઉચ્ચત્તમ ન્યાયાલય તરફથી મળેલ ડાયરેકશન મુજબ રાજ્ય સરકારે બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓ માટે સહાય યોજના ઘડવા માટેની બાબત વિચારણા હેઠળ હતી.

ભારત સરકારના સંદર્ભમાં જણાવેલ પત્રથી સ્પષ્ટતા કર્યા મુજબ ચાલુ નાણાકીય વર્ષથી એટલે કે તા.૧/૮/૨૦૧૧થી ૧૦૦% ખર્ચ કેન્દ્ર સરકાર ભોગવશે અને ૧૨મી પંચવર્ષીય યોજના દરમ્યાન ખર્ચના ૨૫% જે તે રાજ્ય સરકાર ભોગવશે તેવી અપેક્ષા રાખવામાં આવેલ છે. કેન્દ્ર સરકારના ઉપરોકત પત્રથી જણાવ્યા મુજબ દરેક રાજયોએ રાજય કક્ષાએ અને જીલ્લા કક્ષાએ બળાત્કારનો ભોગ બનેલ મહિલાઓને મદદરૂપ થાય તે માટે બોર્ડ રચવા માટે જણાવેલ છે. આથી રાજ્ય સરકાર ઉપરોકત વિગતો અન્વયે રાજ્ય કક્ષાએ અને જીલ્લા કક્ષાએ નીચે મુજબ બોર્ડ રચવાનું ઠરાવે છે.

<u>સ્ટેટ ક્રિમીનલ ઇન્જરીઝ રીલીફ અને રીહેબીલિટેશન બોર્ડ</u>

| ક્રમ | વિભાગ/કચેરીના પ્રતિનિધિ | હોદો |
|---|---|---|
| ૧ | અગ્ર સચિવ/સચિવ મહિલા અને બાળ વિકાસ વિભાગ | અધ્યક્ષ |
| ૨ | અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગના પ્રતિનિધિ | સભ્ય |
| ૩ | અગ્રસચિવશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સભ્ય |
| ૪ | સચિવશ્રી, કાયદા વિભાગ | સભ્ય |
| ૫ | રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના પ્રતિનિધિ | સભ્ય |
| ૬ | બોર્ડના ચેરમેન દ્વારા નિમાયેલા બે આગળ પડતી મહિલાઓ કે જેઓને મહિલાઓ અને બાળકોના પ્રશ્ને રાજ્યમાં કામગીરીનો અનુભવ હોય, | નિયુકત સભ્યશ્રીઓ |
| ૭ | સંયુકત કમિશ્નરશ્રી, (મહિલા કલ્યાણ), મહિલા અને બાળ વિકાસની કચેરી | સભ્ય |
| ૮ | નિયામકશ્રી સમાજ સુરક્ષા | સભ્ય સચિવ |

આ બોર્ડની રચના રાજ્ય કક્ષાએ કરવાની રહે છે જેની ફરજો નીચે મુજબ છે.

- જીલ્લા બોર્ડની કામગીરીનુ સંકલન કરવું અને તેની સમીક્ષા કરવી.
- રાજ્ય કક્ષાએ જે કેસો આવે અથવા રાજ્ય બોર્ડ પોતાની મેળે જીલ્લા બોર્ડને કેસો રીફર કરી શકશે અથવા જાતે તપાસી શકશે.
- આ યોજનાના અમલીકરણને સબંધિત કોઇ પણ ફરિયાદ તપાસી શકશે.
- ડીસ્ટ્રીકટ બોર્ડની સાંભળેલી અપીલો સાંભળશે કે જેમાં કોઇ અરજી રીજેકટ કરવામાં આવેલ હોય કે વચગાળાની આર્થિક સહાયમાં વિલંબ થતો હોય કે આર્થિક સહાયની રકમ અપૂરતી જણાતી હોય
- રાજ્ય બોર્ડને એક લાખ સુધીની આર્થિક સહાયની રકમ મંજૂર કરવાની છૂટ રહેશે.
- મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા જે ગ્રાંટ ફાળવવામાં આવે તેને ડિસ્ટ્રીકટ બોર્ડને રાજ્ય બોર્ડ દ્વારા ફાળવણી કરવાની રહેશે. અને આ સિવાયની રકમ જો રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે તો તેની પણ ફાળવણી કરવાની રહેશે.

## ૨. ડિસ્ટ્રિક્ટ ક્રિમીનલ ઈન્ઝરીસ રીલીફ એન્ડ રિહેબીલિટેશન બોર્ડ:-

અધ્યક્ષ:- **જિલ્લા કલેક્ટર**

**સભ્યો-**

- નાયબ પોલીસ કમિશ્નર અને/અથવા જીલ્લા પોલીસ વડા (ગ્રામ્ય)(In case of Commissionerate) both would be required)
- સીવીલ સર્જન/ડિસ્ટ્રિક્ટ મેડિકલ/હેલ્થ ઓફિસર
- રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળના પ્રતિનિધિ, મહિલા પ્રતિનિધિની પ્રથમ પસંદગી કરવામાં આવે
- બોર્ડના ચેરમેન દ્વારા નિમાયેલા બે આગળ પડતી મહિલાઓ કે જેઓને મહિલાઓ અને બાળકોના પ્રશ્ને રાજયમાં કામગીરીનો અનુભવ હોય.
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી, કે જે બોર્ડના સભ્યસચિવ તરીકે કામગીરી કરશે.

જો પીડિત વ્યક્તિ માઈનોર હોય તો ડિસ્ટ્રિક્ટ બોર્ડ ચાઈલ્ડ વેલ્ફેર કમીટીના પ્રતિનિધિની નિયુક્તિ કરી શકશે.

નિયુક્ત કરેલ સભ્યની મુદત ત્રણ વર્ષ માટેના સમયગાળાની રહેશે.

## ડિસ્ટ્રીક્ટ બોર્ડની સત્તાઓ:-

આ યોજના હેઠળ જે દાવાઓ કરવામાં આવે તે દાવાઓ અંગે આર્થિક સહાય ચૂકવવા અંગેનો નિર્ણય બોર્ડ કરશે અને આ સિવાય અન્ય સુવિધાઓ જરૂર જણાય તો તેનો પણ નિર્ણય કરશે. બોર્ડને સમન્સ આપવાની અને પુરાવાઓ રેકર્ડ કરવાની સત્તા રહેશે. યોજનામાં જે નિયત પદ્ધતિ નક્કી થયેલ છે તે અનુસાર બોર્ડ, દરેક કેસની ચકાસણી કરીને તેના દાવાઓ ચૂકવશે

- પીડિત મહિલાઓને માનસિક, કાયદાકિય અને મેડિકલ સહાય માટે વ્યવસ્થા કરશે.
- પીડિત મહિલા તેમજ તેના પતિના કાઉન્સેલીંગ માટે પણ વ્યવસ્થા કરશે.
- જરૂર જણાયે પીડિત મહિલાને આશ્રય ગૃહ માટે પણ વ્યવસ્થા કરશે.
- અન્ય યોજનાઓ હેઠળ જે કોઇ શિક્ષણ કે વોકેશનલ ટ્રેનીંગની વ્યવસ્થા થઇ શકે તો તે પીડિત મહિલાને પુનઃ વસવાટ માટેની પણ વ્યવસ્થા કરશે.

- બળાત્કારના કેસની સમયાંતરે સમીક્ષા કરશે.
- પીડિત મહિલાની માંગણી થયેથી તપાસ અધિકારી પણ બદલી શકાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જે. જે. મિસ્ત્રી)
સેકશન અધિકારી
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

માન.મંત્રીશ્રી (મ.બા.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ
- રેસીડન્ટ ઓડીટ ઓફિસર, ગાંધીનગર.
વિભાગના અધિકારીશ્રીઓ. તેમજ વિભાગ હેઠળના તમામ ખાતાના વડાશ્રીઓ
- મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ } (મહેસૂલ વિભાગ મારફત)
- તમામ નિવાસી નાયબ કલેક્ટરશ્રીઓ }
- કાયદા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળો (કાયદા વિભાગ મારફત)
- ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતુ, ૧૬,ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ તમામ (નિયામકશ્રી સમાજ સુરક્ષા મારફત)
- ઉપસચિવશ્રી, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- તમામ જિલ્લા પોલિસ અધિકારીશ્રીઓ (ગૃહ વિભાગ મારફત)
- પોલીસ મહાનિર્દેશકશ્રી (ગૃહ વિભાગ મારફત)
- આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- રાજ્યની તમામ જનરલ હોસ્પિટલોના સિવિલ સર્જનશ્રીઓ (આ.પ.ક.વિભાગ મારફત)
- નાયબ સેકશન અધિકારીની સિલેક્ટ ફાઇલ.
શાખા સિલેક્ટ ફાઇલ